# શ્રી રામ મંદિર અંગે આભાર પ્રસ્તાવના સમર્થનમાં
# માન. ધારાસભ્ય શ્રી સંગીતાબેન પાટિલનું પ્રવચન

માનનીય અધ્યક્ષ મહોદય,

આજે પાંચ બાબતે ખુશી વ્યક્ત કરવાની તક મને મળી છે. ખુશીનાં આ પંચામૃતનું પાન કરીને હું ભાવવિભોર છું! આ પંચામૃતના પ્રસાદથી માનનીય મુખ્યમંત્રીશ્રીના પ્રસ્તાવને હૃદયપૂર્વક સમર્થન આપીને વધાવું છું.

પહેલી ખુશી એ છે કે, સનાતન સંસ્કૃતિના વાહક તરીકે મને આપણા સહુના આદર્શ, આરાધ્ય અને મનની અયોધ્યામાં બિરાજમાન ભગવાન શ્રી રામ હવે અયોધ્યાપુરીમાં બિરાજીને સહુને દર્શન આપે છે તેની ખુશી છે.

બીજી ખુશી ભગવાન શ્રી રામની કૃપાથી આપણા જીવનકાળમાં આપણે ભગવાન શ્રી રામનાં ભવ્ય-દિવ્ય મંદિરનાં નિર્માણ અને પ્રતિષ્ઠાની એ ઐતિહાસિક ઘટનાના સાક્ષી બની શક્યાં એ વાતની છે.

ત્રીજી ખુશી આ ભવ્ય દિવ્ય ઘટનાને સાકાર કરવામાં આ ગૃહના પૂર્વ માનનીય નેતા, આપણા સહુના વડીલ, આદર્શ અને માર્ગદર્શક એવા માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી નિમિત્ત બન્યા તેની છે. મારી જેમ આ ગૃહના ઘણા સભ્યો નરેન્દ્રભાઇ આ ગૃહના નેતા તરીકે હતા ત્યારે એમનાં કર્મઠ અને વિકાસલક્ષી વ્યક્તિત્વ તેમજ અભિગમથી અભિભૂત થયા હશે. આ મેજ થપથપાવીને ખુશી વ્યક્ત કરી હશે. આજે આ શબ્દો દ્વારા તેમના માટે ખુશી વ્યક્ત કરવાની મને તક મળી તે માટે ગૌરવની લાગણી અનુભવું છું.

ચોથી ખુશી સનાતન ભારતીય સંસ્કૃતિમાં જે ભગવાનો મહિમા છે તે ભગવાધારી યોગી આદિત્યનાથજી ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી તરીકે સેવારત છે તેવા સમયે મંદિરનું નિર્માણ અને પ્રતિષ્ઠા શક્ય બન્યાં તેની છે. સાથેસાથે ઉત્તરપ્રદેશનાં મહામહિમ રાજ્યપાલ પદે આ ગૃહના પૂર્વ નેતા અને ગુજરાતનાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી બનવાનું ગૌરવ જેને મળ્યું છે તેવાં

આપણાં વડીલ શ્રીમતી આનંદીબેન પટેલ શ્રી રામલલ્લાની પ્રતિષ્ઠા સમયે દેશની નારીશક્તિનું પ્રતિનિધિત્વ કરી રહ્યાં હતાં તેની ખુશી છે.

ને પાંચમી ખુશી, શ્રી રામમંદિર નિર્માણને જનઆંદોલનનું સ્વરૂપ આપનાર આપણા સવાયા ગુજરાતી પૂર્વ નાયબ પ્રધાનમંત્રી મુરબ્બી શ્રી લાલકૃષ્ણ અડવાણીજીને દેશનાં સર્વોચ્ચ નાગરિક સન્માન 'ભારત રત્ન'થી સન્માનવામાં આવ્યાં તેની છે. રામલલ્લાને બિરાજમાન કરવાના સંકલ્પ સાથે જેમણે પ્રસ્થાન કરેલું તેવા 'લાલકૃષ્ણ'ના સારથિ અને સહરથી બનેલા આદરણીય નરેન્દ્રભાઈએ 'ભારતરત્ન' માટે જે યોગ્ય નિર્ણય કર્યો તે માટે આભારની લાગણી વ્યક્ત કરૂં છું.

માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રીશ્રીના આ પ્રસ્તાવ મારા માટે ભૂતકાળની યાદો, સંઘર્ષ, સનાતન સંસ્કૃતિ માટેની આસ્થા વગેરેની સ્મૃતિમાં ગરકાવ થવાનું માધ્યમ બન્યો છે.

મને યાદ છે, માનનીય અડવાણીજીએ સોમનાથથી અયોધ્યાની રથયાત્રાનો પ્રારંભ કર્યો ત્યારે મારી ઉંમર ચૌદ વર્ષની હતી. ત્યારે આજની જેમ માધ્યમોની વિવિધતા ન્હોતી. પરંતુ, અડવાણીજીની રથયાત્રા જેમજેમ આગળ વધતી ગઈ તેમ જનચેતના જાગૃત થતી ગઈ. શ્રી રામમંદિર નિર્માણનું આંદોલન માત્ર ભારતીય જનતા પક્ષનું નહીં, જનજનના મનમનનું આંદોલન બન્યું. માત્ર રાજકીય રીતે જ નહીં આધ્યાત્મિક રીતે પણ લોકોની આસ્થાને આ રથયાત્રાએ વધુ મજબૂતી આપી.

રામરથની ઉપર આરુઢ થઈને લોકોનું અભિવાદન જીલતા અડવાણીજી, બાજુમાં સહરથી નરેન્દ્રભાઈ, સ્વર્ગીય પ્રમોદ મહાજનજી, મુરલીમનોહર જોશીજી, મદનલાલ ખુરાનાજી વગેરેના ફોટોગ્રાફ્સ અખબારોમાં જોવા મળતા ત્યારે હું એ રથમાં સાથે હોઉં તેવી લાગણી અનુભવતી.

વૉટબેંકનાં રાજકારણને કારણે બિહારમાં લાલુપ્રસાદ યાદવની સરકારે સમસ્તીપૂરમાં અડવાણીજી અને હજારો યાત્રીઓની અટકાયત કર્યાના સમાચાર આવ્યા ત્યારે દરેક રાષ્ટ્રપ્રેમીઓને આઘાત લાગેલો. મને યાદ છે, તે દિવસે અમારા પરિવારમાં કોઈ ભોજન કરી શક્યું ન્હોતું. પરિવારમાં જ કોઈ અઘટિત ઘટના બની હોય તેવી લાગણી અમે જ નહીં, કરોડો હિન્દુઓએ અનુભવેલી.

આ ગૃહના એવા કેટલાયે માનનીય પૂર્વ અને વર્તમાન સભ્યો હશે જેણે એક કાર્યકર્તા તરીકે, એક સાચા હિન્દુ તરીકે શ્રી રામ મંદિરનાં આંદોલનમાં ભાગ લીધો હશે. 'મંદિર વહીં બનાયેંગે!' ના નારાને જીવનનો મંત્ર બનાવી લીધો હશે. એ તળના માનવીનું બળ માપવામાં માનનીય નરેન્દ્રભાઈ સફળ રહ્યા અને આપણે શ્રી રામલલ્લાનાં દર્શનરૂપી ફળ પામી શક્યાં.

માનનીય અધ્યક્ષ મહોદય, આપણે જાણીએ છીએ કે, શ્રી રામમંદિરનાં નિર્માણનો ઈતિહાસ આપણા સ્વાતંત્ર્યના ઈતિહાસ જેટલો જ સંઘર્ષમય અને રોમાંચક છે. એ લાખો કારસેવકો, સંતો, સનાતન સંસ્કૃતિના આરાધકો અને એ ધારાશાસ્ત્રીઓએ આપણે આ દિવસ જોઈ શકીએ તે માટે પોતાનું સર્વસ્વ ન્યોચ્છાવર કર્યું છે. આજે એ તમામ નામી-અનામી સૂરમાઓનો આ ગૃહ આભાર માને છે. તેમને પ્રણામ કરે છે - જેમની કર્તવ્યનિષ્ઠા અને સનાતન સંસ્કૃતિની આરાધનાએ આપણને આ ઉત્સવના સાક્ષી અને સહભાગી બનાવ્યાં છે.

આ તબક્કે મને રામાયણનો એક સરસ પ્રસંગ યાદ આવે છે.

વાનરો અને રીંછોએ રામ સેતુ બનાવ્યો. બહુ સાંકડો સેતુ બનેલો. સહુને થયું, આટલી મોટી સેના આટલા સાંકડા પુલ પરથી કેવી રીતે દરિયો પાર કરી શકશે? ભગવાન શ્રી રામે કહ્યું, સહુથી પહેલો હું જઈશ. ભગવાને જેવો સેતુ પર પગ મૂક્યો કે તરત જ દરિયામાં જેટલાં જળચરો હતાં તે સપાટી પર આવી ગયાં અને પુલની આસપાસ મજબૂતીથી ગોઠવાઈ ગયાં. પુલની પહોળાઈ વધી ગઈ. ભગવાન શ્રી રામની આખી સેના તેના પર થઈને લંકા પહોંચી ગઈ.

સેતુ પાર કર્યા પછી જાંબુવાનજી ભગવાનને પૂછ્યું, જો આપ આ આ રીતે આપનાં સામર્થ્યનાં દર્શન કરાવવાના હતા- કૃપા કરવાના હતા તો પછી અમારી સહુની પાસે રામનામ લખાવીને પથ્થર શું કામ તરતા મુકાવ્યા?

ત્યારે ભગવાન શ્રી રામ ઉત્તર આપે છે કે, કૃપા તો જ પ્રાપ્ત થાય જો પુરુષાર્થ કરવામાં આવે. તમે પુરુષાર્થ કર્યો એટલે કૃપા શક્ય બની. આજે શ્રી રામમંદિરનાં નિર્માણ માટે કરોડો ભારતીયોએ પુરુષાર્થ કર્યો તેને પરિણામે ભગવાનની કૃપા થઈ. શ્રી રામલલ્લાનાં દર્શન કરવા આપણે સક્ષમ અને સમર્થ બન્યાં.

માનનીય અધ્યક્ષ મહોદય, આપનાં માધ્યમથી હું કહેવા માંગુ છું કે, શ્રી રામલલ્લા પ્રતિષ્ઠિત થયા એટલે આપાણું કાર્ય પૂરું નથી થયું. રામરાજ્યની સંકલ્પનાને સાકાર કરવા માટે વધુ પ્રબળ સંકલ્પ સાથે સેવારત થવાનું છે. માનનીય નરેન્દ્રભાઈએ દેશમાં અને મુરબ્બી ભુપેન્દ્રભાઇએ રાજ્યમાં સુશાસન સ્થાપીને રામરાજ્યની સંકલ્પનાને સાકાર કરવાની ભવ્ય-દિવ્ય શરૂઆત કરી જ દીધી છે. આપણે આ યજ્ઞમાં સેવારૂપી આહુતિ આપીને એ યજ્ઞની પાવક જ્વાળાઓના પ્રકાશથી રાજ્યને અને દેશને પ્રકાશિત –પ્રભાવિત કરવામાં સહયોગ આપવાનો છે. ભારતમાતાને પરમ વૈભવનાં શિખરે પુન: બિરાજમાન કરવાના સંકલ્પને સાકાર કરવા માટે સેવારત થવાનું છે.

સનાતન ભારતીય સંસ્કૃતિ માટે ઐતિહાસિક અને ગૌરવપ્રદ એવાં શ્રી રામમંદિરના નિર્માણ તેમજ પ્રતિષ્ઠાના સાક્ષી બનાવવા માટે આ ગૃહનાં માધ્યમથી ભગવાન શ્રી રામને પ્રણામ કરૂં છું અને ભારત સરકાર તથા માનનીય નરેન્દ્રભાઇ મોદી પ્રત્યે આભાર વ્યક્ત કરવાના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલના પ્રસ્તાવને સમર્થન આપવામાં મારો હર્ષિત સૂર પુરાવું છું.

જય જય ગરવી ગુજરાત!